Commissioner of School Guj. State Gandhinagar

## સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૯-૨૦ના ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન જિલ્લા પસંદગી અંગેની સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામાની જોગવાઈઓ મુજબ વેબસાઈટ પર તા.૨૩/૧૨/૨૦૨૦ના રોજ સિલેક્ટ લીસ્ટ (ફાઈનલ મેરીટ લીસ્ટ), વેઈટીંગ લીસ્ટ અને **Unsuccessful** ઉમેદવારોનું લીસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- ઉપલબ્ધ વિષયવાર,કેટેગરીવાર જગ્યાઓના પ્રમાણમાં સિલેક્ટ લીસ્ટ તૈયાર થયેલ છે. આ સિલેક્ટ લીસ્ટમાં દરેક ઉમેદવારની સામે તેમની પસંદગી કઈ કેટેગરીમાં થયેલ છે તેની વિગતો દર્શાવવામાં આવેલ છે. તેમજ સિલેક્ટ લિસ્ટના તમામ ઉમેદવારોને આ અંગેની **SMS** થી જાણ કરેલ છે.
- સિલેક્ટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- સિલેક્ટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો તા.૨૪/૧૨/૨૦૨૦ના રોજ બપોર ૧૫.૦૦ કલાકથી તા.૨૭/૧૨/૨૦૨૦ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ **www.gserc.in** પર પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપી શકશે.
- સિલેક્ટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે ઓનલાઈન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઈન જિલ્લા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- ઓનલાઈન જિલ્લા પસંદગી આપવા માટે, ..................................
  - ઉમેદવાર વેબસાઈટ **www.gserc.in** પર જઈ **Apply for Secondary Government** વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
  - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ અને ફિક્સ **Captcha Code** નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં ઉમેદવારના ઓનલાઈન અરજીફોર્મમાં રજિસ્ટર્ડ મોબાઈલ પર **OTP** આવશે. જે **OTP** એન્ટર કરતાં સ્ક્રીન પર ઉમેદવારના વિષય અને કેટેગરી મુજબ ઉમેદવારના માટે ઉપલબ્ધ જિલ્લાઓના નામ ખૂલશે. દા.ત. ઉમેદવાર ગુજરાતી વિષયના હોય અને તેમને એલોટેડ કેટેગરી જનરલ હોય તો ગુજરાતી વિષયની જનરલ કેટેગરીની જગ્યાઓ જે જે જિલ્લામાં હોય તે જિલ્લાના નામ ઉમેદવારની સ્ક્રીન પર દેખાશે. આ તમામ જિલ્લાઓને ક્લીક કરી ઉમેદવારે પોતાના પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે.
  - ઓનલાઈન જિલ્લા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ માટે ઉપલબ્ધ તમામ જિલ્લાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે, એટલે કે ૧૦૦% જિલ્લા પસંદગી આપશો તો જ ઓનલાઈન જિલ્લા પસંદગી સબમીટ થશે. અન્યથા આપની ઓનલાઈન જિલ્લા પસંદગી સ્વીકૃત બનશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
  - ઉમેદવારો પોતાની જિલ્લા પસંદગીમાં જિલ્લા પસંદગી આપવાની છેલ્લી તા.૨૭/૧૨/૨૦૨૦ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૨૭/૧૨/૨૦૨૦ના રોજ સાંજના ૧૮.૦૦ કલાકે આપે જે જિલ્લા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદ્દનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન જિલ્લા ફાળવણી કરવામાં આવશે.
  - **જિલ્લા ફાળવણી થયા બાદ બીજા તબક્કામાં ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે. જે અંગે અલગથી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવશે.**
  - જિલ્લા પસંદગી અંગે માર્ગદર્શક વીડીયો પણ વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. તે વીડીયોને ધ્યાનથી નિહાળી જરૂરી સૂચનાઓ ધ્યાને લઈને જ જિલ્લા પસંદગીની પ્રક્રિયા કરવી. જેથી જિલ્લા પસંદગી આપતા સમયે કોઈ ક્ષતિ ન રહે.
  - ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.